# <u>વ્યાખ્યાન :</u> <u>મહાપ્રજ્ઞજીની શ્રુત સાધના</u>

## <u>ડો. કુમારપાળભાઈ દેસાઈ</u>

ઉષાનું અજવાળું પથરાતું હોય, મંદ-મંદ સમીર વહેતો હોય અને નિંદ્રાધીન જગત આંખ ખોલતું હોય અને ક્ષિતિજમાંથી સૂર્ય ઊગતો હોય અને સૂર્ય આ પૃથ્વીને, એના પર આવેલ વનરાઈ પર ચોમેર પ્રકાશ પાથરતો હોય તેમ મહાપ્રજ્ઞજીએ ધર્મ, પંથ, અધ્યાત્મ,સ્વાસ્થ્ય, ચરિત્ર, આત્મકથા, તત્વચિંતન સમાજસુધારણા અને કાવ્ય એમ અનિકવિધ વિષયોને આવરી લેતી કવિતાઓ રચીને પ્રકાશ પાથર્યો. આવા જ એક દૈદીપ્યમાન સૂર્ય સમાન મહાપ્રજ્ઞજીએ પોતાની પ્રતિભાનો પ્રકાશ સર્વત્ર ફેલાવીને આપણને અદભુતતાનાં દર્શન કરાવ્યા છે. એક અર્થમાં કહીએ તો આ વ્યાખ્યાન આખે આખા સૂરજને એક નાનકડી છાબમાં મૂકવાની વાત કહેવાય.

કોઈ સર્જક આ જગત,જીવન અને મૃત્યુને જોઈને સર્જન કરે અને સાહિત્યકાર કહેવાય, કોઈ દર્શનશાસ્ત્રની વાત કરીને દર્શનશાસ્ત્રી કહેવાય, તત્વચિંતનની વાત કરે તેને ચિંતક કહેવાય તેવી જ રીતે અધ્યાત્મના શિખરે બેસીને એક યોગના ઊંચ્ચ શિખરોની વાત કરે , આચાર્ય મહાપ્રજ્ઞજી આવા જ એક પ્રતિભાશાળી વ્યક્તિ હતા. તેમની પાસે તત્વચિંતન અને શાસ્ત્ર માટે કોઈ બંધન, રૂઢિચુસ્તતા ન હતી. તેમણે તો શાસ્ત્ર અને વિજ્ઞાનનું સામંજસ્ય સાધી આપ્યું હતું. જ્ઞાન અને કર્મ, વિચાર અને વ્યવહાર એનું ચિંતન કર્યું. પૃથ્વીવાસીઓની માનસિક,આર્થિક,ધાર્મિક સુખાકારી વધે તે રીતનું ચિંતન કર્યું અને અધ્યાત્મના શિખરો સર કર્યાં. જૈન શ્વેતામ્બર શાખાના  આચાર્ય ભિક્ષુ દ્વારા સ્થાપિત તેરાપંથના દસમા આચાર્ય મહાપ્રજ્ઞજીની શ્રુતસાધના અદ્વિતીય છે.

**14** જૂન ૧૯૨૦ના દિવસે રાજસ્થાનના એક નાનકડા ગામમાં શ્રી તુલારામજીના ધર્મ પત્ની શ્રીમતી બાલુજીને એક પુત્રની પ્રાપ્તિ થઈ અને તેનું નામ નથમલ રાખવામાં આવ્યું. નાનપણમાં જ પિતાનો સ્વર્ગવાસ થયો અને માત્ર **10** વર્ષની બાલ્યાવસ્થામાં પોતાની માતા સાથે આચાર્ય કાલૂગણીજી પાસે **29** જાન્યુઆરી **1931**માં સરદાર શહેરમાં દીક્ષા લઈને બાળક નથમલમાંથી 'મુનિ નથમલ' બન્યા.

આચાર્ય કાલૂગણીજીને બાળમુનિ નથમલ પ્રત્યે અપાર સ્નેહ હતો અને આચાર્ય તુલસીજીને નથમલના શિક્ષણનો કાર્યભાર સોંપ્યો. આપણા જૈન ધર્મમાં ભગવાન મહાવીર અને ગૌતમ બુદ્ધના જેવી ગુરુ - શિષ્યની બેલડી હતી અને હવે આચાર્ય તુલસીજી અને મુનિ નથમલની જોડી બની. તેરાપંથી જૈનપંથમાં જૈન દર્શનને આધારે આંગળીને વેઢે ગણાય તેટલાં જ પુસ્તકો હતા અને આ જોડીએ પોતાના અભ્યાસ, અધ્યયન અને

સાધનાથી અનેક ગ્રંથોની રચના કરી આપી.તેરાપંથની પ્રગતિ યાત્રાના આરોહ-અવરોહમાં આચાર્ય મહાપ્રજ્ઞજીએ ગુરુ શ્રી તુલસીજીના ઉપદેશોને ધારણ ન કર્યા પરંતુ આચાર્ય તુલસીજી સાથે તેમના 'અણુવ્રત આંદોલન'માં સહભાગી બની મહત્વની ભૂમિકા પણ ભજવી. તેરાપંથ અને આચાર્ય તુલસીજીને વિશ્વભરમાં પ્રતિષ્ઠિત કરનાર મહાપ્રજ્ઞજી જ હતા. મહાન ગુરુના સાંનિધ્યમાં મુનિ નથમલે મેઘાવી અધ્યયન કરીને પ્રાકૃત સંસ્કૃત હિન્દી તથા મારવાડી ભાષામાં વિદ્વત્તા પ્રાપ્ત કરી. તેમણે આગમ ગ્રંથોનો ગહન અભ્યાસ કર્યો તેમજ ભારતીય અને પશ્ચિમ દર્શનનું પણ અધ્યયન કર્યું. તેમની જ્ઞાનપિપાસાને કારણે ભૌતિક જૈન વિજ્ઞાન, આયુર્વેદ, રાજનીતિ, અર્થશાસ્ત્ર તથા સમાજશાસ્ત્રમાં પારંગત થયા.

12 નવેમ્બર ૧૯૭૮માં આચાર્ય તુલસીજીએ તેમને 'મહાપ્રજ્ઞ' નામથી સંબોધિત કર્યા અને 4 ફેબ્રુઆરી 1979 માં પોતાના અદ્વિતીય શિષ્ય ને 'યુવાચાર્ય' ઘોષિત કર્યા અને 18 ફેબ્રુઆરી 1994માં આચાર્ય તુલસીજીએ પોતાના આચાર્ય પદનો ત્યાગ કરી યુવાચાર્ય મહાપ્રજ્ઞજીને દસમા આચાર્ય તરીકે પ્રસ્થાપિત કર્યા, આ એક ઐતિહાસિક ઘટના બની રહી. કોઈ આચાર્ય પોતાની હયાતીમાં યુવાચાર્યને આચાર્યની પદવી આપવા પોતે સ્થાન ત્યાગ કરે તેવી અપ્રિતમ ગુરુ-શિષ્યની જોડી હતી.

આચાર્ય મહાપ્રજ્ઞજી ધ્યાન, યોગ, દર્શન, ધર્મ, સંસ્કૃતિ, વિજ્ઞાન, સ્વાસ્થ્ય, જીવનશૈલી, વ્યાકરણ, શિક્ષા, સાહિત્ય, રાજનીતિ, સમાજશાસ્ત્ર તથા ધર્મશાસ્ત્ર જેવા અનેકવિધ વિષયો પર કવિતા, લઘુકથા, નિબંધ, સંસ્મરણ તથા ચરિત્ર લેખન કરીને માત્ર જૈન ધર્મની નહીં પણ જૈન સાહિત્યની પણ અનન્ય સેવા કરી. 'શ્રીમદ્ભગવત ગીતા' જેવા ગ્રંથને આધાર બનાવીને 'ગીતા સંદેશ ઓર પ્રયોગ' જેવું પુસ્તક રચ્યું. સંસ્કૃત ભાષામાં સોળ અધ્યાયમાં રચાયેલું 'સંબોધિ ગ્રંથ' જૈન ગીતાના રૂપે પ્રતિષ્ઠિત થયું છે. તેમણે 375 જેટલાં પુસ્તકોની રચના કરી. એ ઉપરાંત આગમોના હિન્દીમાં પાઠ કર્યા તે પણ ટિપ્પણી સાથે 21 આગમોનું સંપાદન કર્યું. આગમની વ્યાખ્યા સાહિત્યના બાર જેટલાં ગ્રંથ કર્યાં. આચાર્ય મહાપ્રજ્ઞજીએ હિન્દી અને સંસ્કૃતમાં છ કથા સંગ્રહ, ચાર જેટલા આત્મકથનાત્મક ગ્રંથો, મુનિશ્રીની એક આત્મઝાંખી, 'શ્રમણ મહાવીર' નામનો ચરિત્રગ્રંથ રચ્યો.આચાર્ય મહાપ્રજ્ઞજી સાહિત્યનો પ્રારંભ 'આચાર્ય ભિક્ષુ' થી કર્યો હતો, આચાર્ય તુલસીજીનું ચરિત્ર લખ્યું. આચાર્ય મહાપ્રજ્ઞજીની સાહિત્ય યાત્રા ધીમે-ધીમે ચિંતન યાત્રા બની જાય છે. 'મન કે જીતે જીત', નયા વિશ્વ નયા માનવ, શ્રેણિક પુત્ર મેઘકુમારને ધ્યાનમાં રાખીને ગ્રંથ સંસ્કૃત મહાકાવ્ય અને ઋષભ દેવના જીવન પર 'ઋષભાયાણ' ની રચના કરી.

તેમનું ઋજુ કોમળ હૃદય કાવ્ય રચવા માટે નૈસર્ગિક ગુણ ધરાવતું હતું. આચાર્ય મહાપ્રજ્ઞજીએ હિન્દીમાં સાહિત્યનો પ્રારંભ કવિતાથી કર્યો હતો. 'ફૂલ બને અંગારે', જેવા ગદ્યકાવ્ય, ગીતાંજલિની ભાવનાઓને

આત્મસાત કરતું 'અસ્તિ કા અસ્તિત્વ', 'ગુંજે તે સ્વર બહરે કાન' કાવ્યસંગ્રહોમાં એમના ચિંતન, વિચાર આદિની સૂક્ષ્મતાનો પરિચય થાય છે. હિન્દીમાં સાત કાવ્ય ગ્રંથો રચ્યા છે. કાવ્ય, મહાકાવ્ય, ખંડકાવ્ય ત્રણે કાવ્ય ધારા એમના સાહિત્યમાં જોવા મળે છે. તેરાપંથીઓએ આચાર્ય સાહેબના જન્મજયંતીએ સાહિત્યના ગ્રંથોનું સંપાદન કર્યું. આચાર્ય મહાપ્રજ્ઞજીનું કાર્ય જોઈને આપણને કલિકાલ સર્વજ્ઞનું સ્મરણ થઈ આવે.

આચાર્ય મહાપ્રજ્ઞજીએ મહાવીર સ્વામી ભગવાનના જીવન પરથી ગ્રંથની રચના કરીને તેમનું સાર્વત્રિક ચિંતન પ્રગટ કર્યું. 'મહાવીર કા સ્વાસ્થ્ય શાસ્ત્ર', 'શ્રવણ મહાવીર', 'મહાવીર વાણી', 'મહાવીર કા જીવન દર્શન', 'પુરુષોત્તમ મહાવીર', 'મહાવીર કા અર્થશાસ્ત્ર' વગેરે જેવા પુસ્તકોમાં ભગવાન મહાવીર વિશે નું વ્યાપક ચિત્ર આપીને આજના જગત ની વેદના નું નિવારણ ભગવાનના મુખે મૂકીને એક અકલ્પનીય કાર્ય કર્યું છે.

આચાર્ય મહાપ્રજ્ઞજીનું હૃદય અત્યંત કોમળ અને સંવેદનશીલ હતું. તેમની આંતરિક જાગૃતિની મહેક કવિતાઓ, સાહિત્યિક સ્વરૂપો તથા વકૃત્વના માધ્યમથી રજુઆત થતી રહેતી. તેમનું અંતઃકરણ એટલું પ્રશાંત હતું કે તેમના સાંનિધ્યમાં આવનાર પ્રત્યેક વ્યક્તિને એક અનેરી શાંતિનો અનુભવ થતો. આચાર્ય મહાપ્રજ્ઞજીની કલમ આરંભાઈ કવિતાઓ દ્વારા. એ સમયના મહાન કવિઓ જેવા કે મૈથિલીશરણ, સુમિત્રાનંદન સાથે તેમનું ઊઠવું - બેસવું રહેતું અને કાવ્યનું ઝરણ અવિરત વહેતું. તેમના મતે માત્ર આધુનિક વિચારોથી આધુનિક નથી બનાતું પણ આધુનિકતાથી પણ ઉપર કોઈ તત્ત્વ હોય તો તે શાશ્વતતા છે. તેથી જ તેમણે આધુનિકતાનું સત્ય નહીં પણ શાશ્વતનું સત્ય શોધવાનું કાર્ય કર્યું. શાશ્વત સત્ય શોધતાં - શોધતાં કહ્યું કે માત્ર એક સમયનું સત્ય નહિ પણ ત્રિકાલિક સત્ય શોધવું છે. તેમણે ત્રિકાલિક સત્ય પર એક સુંદર ગીત રચ્યું છે જે તેરાપંથીઓનું અતિપ્રિય ગીત બની ગયું : "ચૈત્ય પુરુષ જગ જાયે" એમાં ચૈત્ય પુરુષને જગાડવાની વાત છે. આચાર્ય મહાપ્રજ્ઞજી સંસ્કૃતમાં શીઘ્ર કવિતા રચી શકતા. સંસ્કૃત ભાષામાં 'રત્નપાલ ચરિત' એક ઉત્કૃષ્ટ ખંડકાવ્ય તેમણે રચ્યું છે, 'મુકુલમ'નામનું ગદ્ય કાવ્ય રચ્યું અને 'અશ્રુવીણા' ચંદનબાળાની આંખનાં આંસુ બનાવીને ભગવાન મહાવીર પાસે મોકલે તેવી સુંદર કલ્પનાયુક્ત કાવ્ય છે. તેમણે સંસ્કૃત પ્રાકૃત તેમજ હિન્દી અને અન્ય ઘણી ભાષાઓમાં પદ્યની અદભુત રચના કરી છે. આચાર્યશ્રીએ સંસ્કૃત ભાષાના સર્વાધિક કઠિન છંદ સ્રગ્ધરામાં 'ઘડીય યંત્ર' વિષય પર કવિતા રચી ને પ્રસ્તુત કરી ત્યારે અમેરિકાના સંસ્કૃત ભાષા વિદ્વાન ડોક્ટર નોર્મન બ્રાઉન સહિત પુના, બનારસ વગેરેના પ્રતિષ્ઠિત વિદ્વાનો પણ અત્યંત પ્રભાવિત થયા.

આચાર્યના મતે આજના જગતને બે વાતની આવશ્યકતા છે : એક તો 'પ્રેક્ષાધ્યાનની પ્રક્રિયા' અને બીજું 'અહિંસા'. આતંકવાદીઓ, સરમુખત્યારો, નક્સલવાદીઓ વગેરે પોતે શસ્ત્રની તાલીમ લઇને હિંસા કરે છે અને જો આપણે આ હિંસાથી બચવું હશે તો તેમને અહિંસાના પાઠ ભણાવવા પડશે. હિંસાનો સામનો કરી શકે

તેવી અહિંસાનું શિક્ષણ આપવું પડશે, એમ આચાર્યશ્રી નક્કર રીતે કહેતા અને પોતાની વાત સિદ્ધ કરવા એમણે ગ્રંથોની રચના પણ કરી 'અહિંસા વ શાંતિ', 'અહિંસા કે અછૂતે પહેલુ' વગેરે...

અહિંસા યાત્રા :

અહિંસા નો પ્રયોગ કરવા આ પ્રયોગ વીરે અહિંસા યાત્રા કરી. આચાર્યશ્રીના મતે આતંકવાદ અશાંતિ, અનુશાસનહીનતા અને અવ્યવસ્થાથી વિશ્વને બચાવવાનો એક માત્ર ઉપાય છે અને તે છે અહિંસા. તેમણે લાખો કિલોમીટરની પદયાત્રા કરીને આ અહિંસાનો સંદેશો ફેલાવવાનું કાર્ય કર્યું. તેમણે **2001 થી 2009** સુધી અહિંસા યાત્રાનું આયોજન કર્યું અને તે દરમિયાન લગભગ એક લાખ કિલોમીટરની પદયાત્રા કરીને 87 જિલ્લાનાં 2405 ગામો અને શહેરોમાં અહિંસાનો સંદેશો પ્રસારિત કર્યો અને ત્યાં લાખો લોકોને જૈન ધર્મ અને અહિંસાથી પ્રભાવિત કરીને માસ, મદિરા વગેરેનો ત્યાગ કરાવ્યો. તેમણે **5** ડિસેમ્બર ૨૦૦૧માં રાજસ્થાનના સુજાનગઢ થી અહિંસા યાત્રા પ્રારંભ કરી અને રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ થઈને પુનઃ રાજસ્થાનમાં પ્રવેશી નકારાત્મક ભાવો ને સકારાત્મક ભાવોમાં બદલવાની શિક્ષા આપી. આચાર્યશ્રીના મતે ગરીબી, શોષણ, અન્યાય, અપરાધ અને પ્રદૂષણ જેવી સમસ્યાઓ કેવળ આધ્યાત્મિક પ્રશિક્ષણ દ્વારા સમાજ વ્યવસ્થામાં પરિવર્તન લાવીને હલ કરી શકાશે. તેમના મતે અહિંસાના ક્ષેત્રમાં કામ કરનાર લોકોનો દ્રઢ સંકલ્પ અત્યંત આવશ્યક છે. અહિંસા શાશ્વત સત્ય છે, એની આવશ્યકતા પહેલા પણ હતી આજે પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે જ. અહિંસા વગર સમાજ અને વિશ્વ ચાલી નથી શકતા અને મનુષ્યના અસ્તિત્વને ટકાવવા પણ અહિંસા અનિવાર્ય છે.

ભૌતિકવાદી યુગમાં માનસિક અશાંતિ, વ્યસ્તતા અને ઉદાસીનતા વગેરે કારણોને લીધે વ્યક્તિગત અને કૌટુંબિક જીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે. આચાર્યશ્રીએ આજના માણસને સરળતાથી જીવન જીવવા પ્રેક્ષાધ્યાનની ભેટ આપી. આ પ્રકારના ધ્યાનમાં કઠોર કર્મકાંડ ઉપવાસ અથવા શરીર ને અત્યાધિક કષ્ટ આપવાની આવશ્યકતા હોતી નથી, કોઈ પણ અવસ્થામાં કોઈ પણ વ્યક્તિ કોઈપણ પંથ કે કોઈ પણ સમ્પ્રદાય આ પ્રકારનું પ્રેક્ષા ધ્યાન કરી શકે છે. આચાર્યશ્રીએ સ્વસ્થ વ્યક્તિત્વ, સ્વસ્થ સમાજ અને સ્વસ્થ અર્થવ્યવસ્થાનું પણ સૂત્ર આપણને આપ્યું. આચાર્ય મહાપ્રજ્ઞજીએ ધ્યાનની મહત્તા સમજીને એનું અધ્યયન કરી, એની સાધના કરીને ધ્યાનની નવી પ્રક્રિયાઓ શોધી અને **20** વર્ષ સુધી સતત સાધના કરીને તેમણે આપણને પ્રેક્ષા ધ્યાન જેવી વૈજ્ઞાનિક ઢબની ધ્યાન સમાધિ સાથે અવગત કરાવ્યા. આવા સંવેદનશીલ ક્રાંતિદર્શી વિચારક આચાર્ય સિદ્ધયોગી યોગ વિદ્યાને પણ જનસમૂહમાં પ્રયોગ તરીકે દર્શાવી આપ્યું. યોગ વિદ્યાના પ્રભાવથી સમાજને જ નહીં પણ સમગ્ર મનુષ્ય જાતિને પરિવર્તિત કરવા યોગ વિશેના ગ્રંથો લખ્યા સાથે સાથે એના પ્રભાવના

અનેક પ્રયોગો પણ જૈન ધર્મને આધારે કરી બતાવ્યા. યોગ ઉપર જે પુસ્તકો લખ્યા એમાં : 'જૈન યોગ', 'જૈન યોગ કી વર્ણમાલા', 'પ્રેક્ષાધ્યાન ચૈતન્ય કેન્દ્ર', 'પ્રેક્ષાધ્યાન દર્શન પ્રયોગ', 'પ્રેક્ષા ધ્યાન પરસેપ્શન ઓફ સાઈક', 'પ્રેક્ષા ધ્યાન પરસેપ્શન ઓફ બોડી', 'પ્રેક્ષા મેડીટેશન ફિલોસોફી એન્ડ પ્રેક્ટિસ'...જૈન યોગના ક્ષેત્રમાં એમના અનન્ય યોગદાનને લીધે જ 'જૈનયોગ પુનરુદ્ધારક' તરીકે અલંકૃત કરવામાં આવ્યા.

આચાર્યશ્રીએ જૈનોના સૌથી પ્રાચીન દુર્ગમ એવા આચારાંગ સૂત્ર પર સંસ્કૃત ભાષામાં ભાષ્ય લખીને અતિ પ્રાચીન પરંપરાને પુનર્જીવિત કરી આપી. પ્રધાનમંત્રી શ્રી અટલબિહારી વાજપેયી પોતાની સાર્વજનિક સભાઓમાં સ્વીકાર્યું છે કે તેઓ મહાપ્રજ્ઞજીના સાહિત્યના પ્રેમી છે. સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉક્ટર રાધાકૃષ્ણએ આચાર્યશ્રીને જૈન વિષયના સર્વાધિક વિશેષજ્ઞ માન્યા છે. આચાર્યશ્રીએ જૈન ન્યાય પર શૃંખલાબદ્ધ નવ વ્યક્તવ્ય રાજસ્થાનની વિશ્વવિદ્યાલય જયપુરમાં આપ્યા હતા. તેમણે 'જૈન દર્શન મન ઔર મીમાંસા', 'જૈન ધર્મ સંસ્કૃતિ', 'જૈન દર્શન ઓર અનેકાંતવાદ', 'જૈન ધર્મ દર્શન' તથા અન્ય પુસ્તકોની રચના કરી હતી. વિખ્યાત બંગાળી લેખક શ્રી વિમલ મિત્ર એ કહ્યું છે કે મહાપ્રજ્ઞજીના સાહિત્ય દ્વારા એક નવા સત્યની પ્રાપ્તિ થાય છે. આપણા મનોજગતને ઝંઝોળી નાખનાર આચાર્ય મહાપ્રજ્ઞજીએ પોતાના લેખન દ્વારા આ ભૂમંડલ પરના અનેક વાચકો તેમજ બુદ્ધિજીવીઓને પોતાના તરફ આકર્ષિત કર્યા છે. તેમનું ઉદબોધન તેમની શિક્ષા એટલી પ્રભાવી, સાંપ્રત અને પ્રાયોગિક છે કે ન કેવળ વિદ્વાનો પરંતુ જનસાધારણ પણ તેમની વાણીથી આકર્ષાયા વગર રહેતા નથી.

આચાર્યશ્રીના પ્રત્યેક ગ્રંથો તેમના મૌલિક ચિંતનને પ્રસ્તુત કરે છે. એમના ગ્રંથ એક તરફ સાહિત્યજગતની અમૂલ્ય ધરોહર છે તો બીજી તરફ માનવતાની એક વિશિષ્ટ સેવા રૂપે પણ છે. તેમણે જૈન આગમ, જૈન દર્શનને વિજ્ઞાન સાથે જોડીને એક અકલ્પ્ય કાર્ય કર્યું છે. એક જૈન આચાર્ય હોવા છતાં પોતાની કલમ એવા વિષયો પર ચલાવી છે જેના દ્વારા સમાજનું અને વાચકોના મનની એક એક ગ્રંથિ તોડી, ભ્રમણાઓ નિરસન કરીને, કુરિવાજો પર પ્રહાર કર્યા અને પોતાની વાણી દ્વારા સમાજને માર્ગદર્શન આપવાનું કાર્ય કર્યું. તેમનું તત્વ ચિંતન અનેક નવી ઊંચાઈઓ સર કરે છે. વિજ્ઞાન અને તત્વચિંતનનો સુભગ સમન્વય કરીને એક વિરલ કાર્ય કર્યું છે. 15 ઓક્ટોબર 2003માં અહિંસા યાત્રા દરમ્યાન સુરતમાં ધર્મગુરુઓના સંમેલન સમયે પૂર્વ રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક અબ્દુલ કલામ સાહેબ સાથે તેમણે અણુવ્રત, અહિંસા, આત્માની શુદ્ધિ, તત્વચિંતન, વિજ્ઞાન, અણુ પરીક્ષણ, મંત્રોના પ્રભાવ વગેરે વિષયો પર ચર્ચા કરી. આ ઐતિહાસિક ઘટના જૈન ધર્મ માટે મહત્વની બની રહે છે. આ ગોષ્ઠિના પરિપાકરૂપે આચાર્યશ્રી અને અબ્દુલ કલામ સાહેબે સાથે મળીને 'ધ ફેમિલિ એન્ડ ધ નેશન' નામના ગ્રંથની રચના કરી. આત્મા અને વિજ્ઞાન ભિન્ન નથી પરંતુ વર્તમાન

જીવનની સમસ્યાઓન સમાધાન માટે બંનેનું સાયુજ્ય અનિવાર્ય છે તે વાત પ્રસ્થાપિત કરી. આચાર્યની હૃદયની ઈચ્છા હતી કે સતત કોમી રમખાણોમાં ભયગ્રસ્ત રહેતું ગુજરાત અહિંસાની ભૂમિ બને.

આચાર્યશ્રીએ ઈતિહાસ, ન્યાય અને દર્શનની અનેક માન્યતાઓનું નિર્દેશન કર્યું છે. તેઓ જ્યારે કર્મવાદ ઉપર ગ્રંથ લખે છે ત્યારે કર્મ માર્ગની આખી નવી વિભાવના આપણી સમક્ષ મૂકે છે. નવ તત્વો, જૈન દર્શન, શક્તિ કી સાધના, 'આહાર અને અધ્યાત્મ' **1200** પૃષ્ઠો અને ત્રણ ભાગમાં વહેંચાયેલી જૈન દર્શનના મૌલિક વિચારો પ્રગટ કર્યા છે અને જનસમૂહ ની ચાહના પ્રાપ્ત કરી છે.

આચાર્ય મહાપ્રભુજીએ ધર્મ-દર્શન, માનવ ચેતના, નવું વિશ્વ અને નવા માનવના વિચારો વિશે અધ્યયન કર્યું. તેમણે ધર્મ અને ચિંતન સરળ અને સ્પષ્ટ ભાષામાં કરી જીવાતા જીવનના પ્રશ્નો વિશે પોતાનું ચિંતન પ્રગટ કર્યું. તેમણે આપણા માટે પ્રશ્નો પણ ઉઠાવ્યા અને તેના ઉત્તરો પણ નિર્ભીકતાથી આપ્યા. તેઓ ૨૧મી સદીના એક ઉત્કૃષ્ટ ચિંતક બની રહ્યા તેમણે દર્શનશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર, વૈદ્ય શાસ્ત્ર, વિજ્ઞાન વગેરે સાથે જોડીને મહાવીરના ઉપદેશો ને વૈશ્વિક પરિપાટી પર લઈ ગયા. આચાર્ય મહાપ્રજ્ઞજીના દર્શનની એ વિશેષતા રહી છે કે તેમણે માત્ર શુષ્ક તત્વજ્ઞાન નથી આપ્યું, એમણે કોઈ દિવસ સમાજ કે રાષ્ટ્રના પ્રશ્નોને અળગા કરીને ધર્મ કે અધ્યાત્મ વિચાર કર્યો નથી. એમના વિચારોમાં સામાજિક રૂઢિથી માંડીને આતંકવાદ સુધી, સામ્યવાદથી આધ્યાત્મિકતા સુધીની સઘળી બાબતોની છણાવટ મળે છે. તેથી જ તેમના વિચારો આચારમાં લાવવા સરળ બને છે.

સામાજિક પ્રશ્નોની છણાવટ કરતા ગ્રંથો : 'નૈતિક પાઠમાલા', 'ભીતર કા રોગ ભીતર કા ઈલાજ', 'બાલ દીક્ષા પર મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ', 'મુક્ત ભોગ કી સમસ્યા ઔર બ્રહ્મચર્ય', 'યુવા કોમ', 'સમય કે હસ્તાક્ષર', 'યુગીન સમસ્યા ઔર અહિંસાયાત્રા', 'ખોજ હિંસા કે કારણો કી' વગેરે જેવા ગ્રંથો તેમની પાસેથી પ્રાપ્ત થાય છે.

આચાર્યના પ્રવચનને 'મહાપ્રાજ્ઞને કહ્યા' નામના ગ્રંથમાં સંગ્રહિત કરવામાં આવ્યા છે. 39 ખંડોમાં વિભાજીત છે જેમાં આધ્યાત્મિક ચિંતન, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, જીવન અને જગતનો તલસ્પર્શી ખ્યાલ, જાગતિક સમસ્યાઓ પ્રતિ સજાગતા, માનવતા, ભરતીય તેમજ ભારતીયેતર પ્રત્યેક દર્શનનો તલસ્પર્શી અભ્યાસ વગેરે અનેક વિચારોનો સમાવેશ થાય છે અને તે પણ લોકભોગ્ય બોલીમાં, જેથી સામાન્યમાં સામાન્ય માણસ પણ સમજી શકે. તેમનું જ્ઞાન, દર્શન એ માત્ર વિદ્વત જાણ સુધી સીમિત ન રહેતા અદના માનવ સુધી પહોંચી શક્યું છે તેમાં જ તેમના જ્ઞાનની ગરિમા છે. આચાર્ય મહાપ્રજ્ઞજી કુશળ પ્રવચનકાર હોવા ઉપરાંત એક મહાન લેખક, એક મહાન શ્રુતધર, એક મહાન સાહિત્યકાર, એક મહાન તત્વચિંતક પણ છે. એમની સારસ્વત

વાણીમાંથી નીકળેલ પ્રત્યેક શબ્દ સાહિત્ય બની જાય છે. એમણે વિવિધ વિષયો પર ત્રણસોથી પણ વધુ પુસ્તકોની રચના કરી છે જેમાં તેમની મૌલિક પ્રતિભાના દર્શન થાય છે. દર્શન, ન્યાય, વ્યાકરણ, કોશ, મનોવિજ્ઞાન, જ્યોતિષ, આયુર્વેદ આદિ પ્રત્યેક વિષયોને સ્પર્શતી તેમની કલમે આત્મ-મંગળ સાથે લોક-મંગળનું કાર્ય કર્યું છે. આચાર્યશ્રીએ જૈન આગમોનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરીને આધુનિક જગતને પોતાની વિલક્ષણ પ્રતિભાનાં દર્શન કરાવ્યા છે.

અવિરત આઠ દાયકાથી અહિંસા અને અનેકાંતવાદના અલોકમાં ઝળહળતી પ્રજ્ઞાના આધ્યાત્મિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણના સમન્વય થાકી સમાજ જીવન, રાજકારણ, ધર્મશાસ્ત્ર, માનવીની વૃત્તિઓ તથા ગ્રંથિઓ જેવી અનેક બાબતો વિશે અસામન્ય, નૂતન અને મૌલિક રહસ્ય પ્રગટ કરી આપનાર સાંપ્રદાયિક સંકીર્ણતાને તિલાંજલિ આપી સમસ્ત માનવજાતની ચેતના સતત અજવાળી રહે તે માટે જ્ઞાનનું પ્રચંડ આંદોલન જગાડનાર આજના વિવેકાનંદ, સ્થિતપ્રજ્ઞ ઋષિ, સંપૂર્ણ વિશ્વના શીર્ષસ્થ દાર્શનિક એવી વિરલ જાગૃત ચેતનાના આચાર્ય મહાપ્રજ્ઞજીને કોટિકોટિ વંદન. આચાર્ય મહાપ્રજ્ઞજીનો જ્ઞાનરૂપે સંચિત થયેલ પ્રકાશ માનવજાતની ચેતનાને સતત અજવાળતો રહે એજ અભ્યર્થના...